અપીલ અરજી નં.૨૪ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૧–૨–૧૧ની અરજીથી શાસ્ત્રીનગર ઉધના નહેર બ્લોક નં.૧૭ ફલેટ નં. ૩૧૩ થી ૩૨૪ બ્લોક નં. ૨૧ ફલેટ નં.૩૬૧ થી ૩૭૨ ની બાજુમાં માર્જીન, સી.ઓ.પી.માં બની રહેલ બાંધકામ સબંધમાં વિવરણ બાબતે (૧) આ બાંધકામની પરમીશન છે.(૨) બાંધકામનું માપ તથા પાર્કીગ સ્થળ નું વિવરણ (૩) કેટલા માળની પરમીશન છે?(૪) શું આ માર્જીન તથા સી.ઓ.પી. માં છે? કરેલી કાર્યવાહી તથા આપેલી નોટીસની નકલ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૪/૨૦૧૧–૧૨

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૧–૨–૧૧ની અરજીથી શાસ્ત્રીનગર ઉધના નહેર બ્લોક નં.૧૭ ફલેટ નં. ૩૧૩ થી ૩૨૪ બ્લોક નં. ૨૧ ફલેટ નં.૩૬૧ થી ૩૭૨ ની બાજુમાં માર્જીન, સી.ઓ.પી.માં બની રહેલ બાંધકામ સંબધમાં વિવરણ બાબતે (૧) આ બાંધકામની પરમીશન છે.(૨) બાંધકામનું માપ તથા પાર્કીગ સ્થળ નું વિવરણ (૩) કેટલા માળની પરમીશન છે? (૪) શું આ માર્જીન તથા સી.ઓ.પી. માં છે? કરેલી કાર્યવાહી તથા આપેલી નોટીસની નકલની માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/ ૭૮૩ તા.૩૦–૩–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦ તા.૨૭–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૯૫ તા.૧૩–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૩ તા.૩૦–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૩ તા.૩૦–૩–૧૧ થી શાસ્ત્રીનગર , બ્લોક નં.૧૭ , ફલેટ નં.૩૧૩ થી ૩૨૪ માં આવેલ ગેરકાયદેસર બાંધકામને ઉધનાઝોન ખાતેથી નોટીસ આપી દુર કરવામાં આવેલ. બ્લોક નં.૨૧, ફલેટ નં.૩૬૧ થી ૩૭૨ ની બાજુમાં માર્જીનવાળા ભાગમાં ચાલતાં બાંધકામને ઉધનાઝોન ખાતેથી જે તે લેવલે બંધ કરાવવામાં આવેલ છે. " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અધૂરી માહિતી હોવાનું જણાવેલ છે. સીઓપીમાં બાંધકામ વિરુધ્ધ આપવામાં આવેલ નોટીસનું વિવરણ છુપાવવામાં આવેલ છે તથા માહિતી સમયસર નહીં આપ્યાનું જણાવેલ છે. તથા નોટીસની ઝેરોક્ષની નકલની માંગણી કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નોટીસ આપ્યાનું જણાવેલ છે અને અરજદારે મુળ અરજીમાં નોટીસની માંગણી કરેલ છે જેથી જાહેર માહિતી અધિકારીએ તેની નકલ પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી આપવામાં આવેલી માહિતીમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે આપવામાં આવેલ નોટીસની નકલ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ તેની નકલ આરટીઆઈ એકટની એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી,